# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




અધ્યાત્મ પથને આખરી સલામ કહી ગયાં!
શ્રદ્ધા ને વિશ્વાસમાં અનેક જીવન વહી ગયાં!
રહી ગયાં રાહ જોતાં જ, પ્રેમી પરિવાર જનો -
ફરી ઉભરાય ગંગા એટલાં અશ્રુ વહી ગયાં..
(ઉત્તરાખંડમાં મહાવિનાશ)

મોંઘવારીનો
છે હૃદય પર ભાર -
ને ચઢ્યો ગેસ..
(- હવે એટેક બાકી)

નીતિ-અનીતિ,
વિશ્વાસ-અવિશ્વાસ,
પૂછે છે કોણ?!
(નિતીશે વિશ્વાસ મેળવ્યો)




## ચિંતન

**વિઘ્નેઃ પુનઃ પુનરપિ પ્રતિ હન્ય માતાઃ ।**
**પ્રારબ્ધ મુત્તમજનાઃ ન પરિત્યજન્તિ ॥**

ભર્તૃહરિશ્રી નીતિશતકમાં ભિન્ન ભિન્ન સ્વરૂપ સજ્જનો, સંતો અને મહાપુરૂષોની વારંવાર પ્રશંસા કરતાં કહે છે કે :

ઉત્તમ પુરૂષો અનેકવાર અનેક વિઘ્નો આપવા છતાં શરૂ કરેલું કાર્ય અધુરૂં છોડતા નથી - અર્થાત અંત સુધી તેને પકડી રાખે છે.

કેટલાક લોકો ધીરજ વિનાના અને વાતવાતે અકળાઇ - ઉશ્કેરાઇ જનારા હોય છે. પોતાના કાર્યમાં - જીવનશૈલીમાં-વ્યવહારમાં એકાદ પણ નાની સરખી મુશીબત-તકલીફ આવે તો કાર્ય ને પડતું મુકી, મેદાન છોડી, હાથમાં લીધેલું કાર્ય અધુરૂં મૂકી ચાલ્યા જાય છે. આવા ઉતાવળમાં નિર્ણય કરનાર માણસો જિંદગીમાં સુખ-શાંતિનો અનુભવ કરતા નથી. કોઇ પણ પરિસ્થિતિમાં મન પર કાબૂ રાખી શાંતિ વિચારણા પછી જ નિર્ણય કરવો જોઇએ.

આવું જ એક બીજ સૂત્ર પણ છે :

મનસ્વી કાર્યોર્થી ન ગણયતિ સુખં ન ચ દુખમ્ ।

મનસ્વી-જેને પોતાના મન પર સંપૂર્ણ કાબૂ છે એવા - કાર્યોથી - કામમાં પ્રવૃત્ત - લોકો પોતાના કામ, કાર્યક્ષેત્રમાં આવતાં - સુખ-દુખને ગણકાર્યા વિના - પોતાના નિશ્ચિત ધ્યેયને વળગી રહે છે.

વિપત્તિમાં ધીરજપૂર્વક, મન પર કાબૂ રાખી નિર્ણય લેનાર જિંદગીમાં સુખ-શાંતિનો અનુભવ કરે છે.

## સુવિચાર

- સારૂં શીખવું પડતું હોય છે, અને ખરાબ આપોઆપ આવડી જાય છે, સુવાક્યો યાદ રાખવા પડે છે, અને ગાળ કોઇ શીખવાડતું નથી છતાં આવડી જાય છે **- શાંતિનાથ**
- માણસનાં માથાનાં વાળ પહેલાં કાળા હોય છે પછી ધોળા થાય છે, વાદળ પણ પહેલાં કાળા હોય છે, અને વરસી ગયા પછી ધોળા થાય છે, જીંદગી વરસવા માટે છે વરસતા રહો તો ધોળા થવાનો વસવસો નહીં રહે **- કાન્તિ ભટ્ટ**
- જીંદગી આપણા ઇશારા અને ઇચ્છા મુજબ ચાલતી નથી, આપણે જીંદગીના ઇરાદા મુજબ ચાલવાનું હોય છે **- પન્નાલાલ પટેલ**
- માણસ વિષમ પરિસ્થિતિને પણ પોતાની ઇચ્છા મુજબ વાળી શકે છે તે ઓછો દુઃખી થાય છે **- સંત રોબિન**
- સુખ સામે આંખ બંધ કરશો તો તમને એવું જ લાગશે કે સુખ છપાઇ ગયું છે. સુખ ક્યારેક છુપાયેલું હોતું જ નથી. આપણે ફક્ત ચેક કરતાં રહેવું પડે છે કે આપણી આંખો ખુલ્લી છે કે કેમ?? **- જર્મન કહેવત**
- ચિંતન વિનાનું અધ્યયન વ્યર્થ પરિશ્રમ જ છે **- સિસેરો**

## બોધ કથા

કેટલાક લોકો સ્વભાવે 'અકળ' હોય છે. સામાન્ય વ્યવહારૂ લોકો એમની સંકુચિત દૃષ્ટિથી એમને ઓળખી શકતા નથી અને ઓળખવામાં ભૂલ કરી બેસે છે.

એક શેઠ 'ઉદાર' હતા. પણ એના ડ્રાઇવરની દૃષ્ટિએ તે 'ઉડાઉ' હતા. કયારેક એકલા ભોજન ન કરે કોઇને ને કોઇને આગ્રહ કરી પોતાની સાથે જમવા ઘેર લઇ આવે. કેટલીક વાર તો ઘરનાં 'મુશ્કેલી'માં મૂકાઇ જાય. પણ શેઠ એકલા ન જમે.

પાર્ટી-લગ્નોમાં-જન્મદિવસની ભેટોમાં તો એ પાછું વળી જોતા જ નહીં. મિત્રો-ભાગીદારો-તેમના સ્ટાફના કર્મચારી બાળકો ને કંઇ ને કંઇ આપતા હતા. ડ્રાઇવર ને એમનો આ ઉડાઉ સ્વભાવ જરાય પસંદ ન હતો. પણ મૌન રહેતો.

એક દિવસ ડ્રાઇવર અર્ધા દિવસ રજા લઇ ઘેર ગયો. પરિવાર એકઠો થયો હતો. ત્યાં શેઠ ગાડી જાતે ચલાવી ફૂલોનો બૂકે, હાર અને મિઠાઇની ટોપલી લઇ આવ્યાં અને કહ્યું, મને ખબર હતી કે આજે તારો 'જન્મદિવસ' છે - ડ્રાઇવર ગદ્ગદ થઇ ગયો અને એની અશ્રુધારા દ્વારા બધી જ શેઠનાં સ્વભાવ બાબતની ગેરસમજ વહી ગઇ.

E-mail : sureshchandrabhatt18@gmail.com


# એક પેન અને પેપર વડે કેવી અભૂતપૂર્વ ક્રાંતિ લાવી શકાય... ભારતની લોકશાહી આવી જ હોનહાર અને જાગૃત નાગરિકોની બદોલત ધબકી રહી છે... બોલો ડેમોક્રસીની જય....

## કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

## દેખો રાઝ હૈ ઇનમેં કિતને ગહરે...

વર્ષ ૧૯૬૭નું છે. દિલ્હી યુનિવર્સિટીમાં ભણતો એક છોકરો DTCની બસમાં ચડ્યો. એક જ દરવાજાવાળી એ વખતની બસોમાં દરવાજા પાસે એક કંડકટર ઊભો રહી જતો. ટિકીટ ૨૦ પૈસાની હતી પણ દરવાજા પાસે ઉભેલો કંડકટર ૧૦ પૈસા લેતો અને ટિકીટ કાપતો નહીં. યુનિવર્સિટી - કોલેજમાં ભણતાં છોકરાઓનાં ૧૦ પૈસા આમ બચી જતા ને બાકીનાં ૧૦ પૈસા કંટકટરનાં ખિસ્સામાં સરકી જતાં. બંનેને ફાયદો. પણ એક દિવસ બન્યું એમ કે એક છોકરાએ ટિકીટ માંગી જ લીધી. કંડકટર ગુસ્સે ભરાયો. છોકરાને ધમકી આપી અને પેલાં છોકરાંને ૨૦ પૈસા ચૂકવવા છતાં ૫ પૈસાની ટિકીક ફાડી આપી... ખરેખર ફાડીને જ આપી. છોકરો ગિન્નાયો. એણે સમય, બસનો નંબર અને રૂટ નંબર, નોંધી લીધા. કંડકટર વિશેની ફરિયાદ કરવામાં ડરતો આ છોકરો છેલ્લે હિંમત કરીને એક કાગળનાં બધુ લખીને નાખે છે અને લેટર પોસ્ટ કરે છે અને આ લેટર મિસાઇલ જઇને પડે છે. "દૈનિક હિન્દુસ્તાન" નામના દૈનિકનાં સરનામે.



તે છોકરાને ડર હતો એટલે સરનામાંમાં પોતાનાં ઘરનાં બદલે "દિલ્હી એન્જિનીયરીંગ કોલેજ, દિલ્હી" એવું ભળતું એડ્રેસ લખી નાખે છે. છોકરાને એમ કે કદાચ લેટર નહીં છપાય પણ તેના આશ્ચર્ય વચ્ચે એ લેટર પ્રકાશિત થાય છે. છોકરો ડરી ગયો. અને લંચ પછી જયારે તે કોલેજ ગયો ત્યારે એના દોસ્તોએ જણાવ્યું કે DTC નાં ઓફિસર્સ તેને શોધી રહ્યા હતા. ત્યારે તે વધુ ડરી ગયો, અને કોલેજથી ભાગી ગયો. પણ બીજા દિવસે સવારે તેને ખબર પડી કે આ ઓફિસર તેની માફી માંગવા માટે આવ્યાં હતા. (વર્ષ ૧૯૬૭નું હતું) અને ત્યારે એ છોકરાને ખબર પડી કે મીડિયાની તાકાત નાની સૂની નથી જ... અને પછી સંપાદકને પત્ર લખવાનો જે સિલસિલો ચાલ્યો તેણે ગિનેશ બુક ઓફ વર્લ્ડ રેકર્ડસમાં જગ્યા બનાવી લીધી. ૩૧ જાન્યુઆરી ૨૦૦૬ સુધી લગભગ ૩૩૯૯ પત્ર લખનાર આ છોકરો સુભાષ અગ્રવાલ પાછળથી RTI એક્ટિવિસ્ટ તરીકે સમગ્ર બ્યુરોક્રસીને જ નહીં પણ સરકારને પણ હલાવી નાખવાનો હતો.




નાની ઉંમરમાં જ જમણાં હાથનો અંગૂઠો સખત થઇ જવાથી લખવામાં તકલીફ પડતી પણ હાર માન્યા વિના તેમણે સિંગર ફિંગર ટાઇપિંગ શરૂ કરી દીધું અને આજે પણ તે જ રીતે કામ કરે છે.

૧૯૯૧માં તેમનાં કાકાએ તેમનાં પિતા પર કેટલાંક ખોટા કેસ ઠોકી બેસાડ્યા અને તેમનાં જમાઇ દિલ્હી હાઇકોર્ટમાં જજ હોવાનાં લીધે કાકા મફ્ત કાનૂની મદદથી કેસ લડતા રહ્યાં. પરંતુ સુભાષનાં પિતા માટે આ લડાઇ ખાસ્સી મોંઘી પુરવાર થઇ. ૧૬ વરસ લાંબી લડત ચાલી. કાકાને જમાઇનાં જજ હોવાનો લાભ સમગ્ર કેસ દરમિયાન મળતો રહ્યો કેમ કે જ્યુડિશિયલ સિસ્ટમમાં કાર્યરત અન્ય લોકો પર તેનો પ્રભાવ પડતો. પણ એક વખત એમ બન્યું કે સુભાષનાં પિતા સામે જે પિટીશનર હતા તે જજે સુભાષનાં કાકાની પૌત્રીનાં લગ્ન માટે પોતાનું આધિકારીક નિવાસસ્થાન વપરાશ માટે આપ્યું અને સુભાષને આ સાંઠગાંઠ ખુલ્લી પાડવાનો મોકો મળ્યો. વર્ષ ૨૦૦૫નું હતું. RTI એક્ટ લાગુ પડી ચૂક્યો હતો અને સુભાષે હુકુમનો એક્કો ફેંક્યો... આ RTI એ દેશભરને બતાવ્યું કે કોર્ટ પણ RTI ની નીચે આવી શકે છે... દિલ્હી હાઇકોર્ટમાં પેલા જજનું સુપ્રીમ કોર્ટમાં થવા જઇ રહેલું પ્રમોશન અટકી ગયું છે.. ઘેટ વોઝ પાવર ઓફ RTI.

વર્ષોથી અખબારોને પત્ર લખતા સુભાષનાં હાથમાં બ્રહ્માસ્ત્ર લાગ્યું. અને કોમનવેલ્થની ઘણી સ્ટોરી... 2G અને કોમનવેલ્થની ઘણી સ્ટોરી સુભાષ અગ્રવાલની RTI નાં લીધે જ દેશ જાણી શક્યો. પ્રતિભા પાટીને રાષ્ટ્રપતિકાળ દરમિયાન મળેલી ભેટસોગાદો વ્યક્તિગત કબ્જામાં લેવાની વાત હોય કે પ્લાનિંગ કમિશનનાં ૩૫ લાખનાં બે ટોઇલેટ્સ રિનોવેશનની સ્ટોરી... RTI વડે સુભાષ બ્યુરોક્રસી અને સરકાર બંનેમાં તરખાટ મચાવતા ગયા.

સુભાષનાં મત મુજબ RTI કરવાનો વિચાર તેમને ચાર સ્રોત વડે સ્ફૂરે છે - એક તેમે થતી અંતઃસ્ફૂરણા, જે ૧૯૬૭થી સંપાદકો ને પત્ર લખવાને લીધે જાગી છે. બીજું, અખબારો કે પત્રિકાઓ છપાતી ન્યૂઝ સ્ટોરી પછી ભલે એ નાની હોય કે મોટી ત્રીજું, પત્રકારો જે ઘણાં ક્લુ તેમને આપે છે અને ચોથા, અજાણ્યા કોલ્સ અને પત્રો...

લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમીમાં સિવિલ સર્વિસિસમાં પ્રવેશેલા નવા ઉમેદવારોને RTI ની તાલીમ આપતા સુભાષ માને છે કે આ બ્રહ્માસ્ત્રનો સૌથી તાકવર ઉપયોગ પત્રકારો જ કરી શકે છે.

જે પત્રકાર નાનો સરખો પણ ક્લુ આપે તો સ્ટોરી તે પત્રકારને જ આપવાની પોલિસી રાખતા સુભાષ બ્રેક લીધા વિના કામ કરે છે. પત્રકારોને મોડી રાત્રે કે વહેલી સવારે મેઇલ બોક્સમાં સુભાષ અગ્રવાલના મેઇલ મળે છે. મુઘલ ઓફ RTI એક્ટિવિઝ્મ કહેવાતો આ માણસ આટલી ઉંમરે પણ સ્વસ્થતા અને મજબૂત ઇરાદાઓ સાથે કામ કરી રહ્યો છે... તેમનાં પત્ની મધુ અગ્રવાલ પણ આ કામમાં તેમની સાથે જ છે જેમની પાસે એક વર્ષમાં સૌતી વધુ (૪૪૭) સંપાદકને પત્ર લખવાનો વર્લ્ડ રેકર્ડ છે તથા સૌથી વધુ સંપાદક પત્ર ને લખનાર સ્ત્રી તરીકેનો લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકર્ડ પણ છે...

સુભાષ અગ્રવાલે સાબિત કરી આપ્યું કે - એક પેન અને પેપર વડે કેવી અભૂતપૂર્વ ક્રાંતિ લાવી શકાય... ભારતની લોકશાહી આવી જ હોનહાર અને જાગૃત નાગરિકોની બદોલત ધબકી રહી છે... બોલો ડેમોક્રસીની જય....

- ch9723317947@yahoo.com

# નહેરૂ કપ કઇ રમત માટે અપાય છે?

### ● વિષય : રમતજગત

**(રાષ્ટ્રીય રમતો માટે અપાતી ટ્રોફી/કપ)**

(૧) દુલિપ ટ્રોફી કઇ રમત માટે અપાય છે?
(અ) હૉકી (બ) ક્રિકેટ (ક) ફૂટબોલ (ડ) ટેબલ ટેનિશ
(૨) નીચેનામાંથી કઈ ટ્રોફી હોકી માટે અપાય છે?
(અ) વી.સી.રોય ટ્રોફી (બ) જયલક્ષ્મી કપ
(ક) ચારમિનાર ચેલેન્જ (ડ) ગોલ્ડ કપ
(૩) ડુસન્ડ કપ કઈ રમત માટે અપાય છે?
(અ) એથ્લેટિક્સ (બ) ફૂટબૉલ (ક) ટેબલ ટેનિસ (ડ) રોવિંગ
(૪) પુરૂષોને અપાતો બોતોબેલક કપ કઈ રમત માટે અપાય છે?
(અ) ક્રિકેટ (બ) ટેબલ ટેનિશ (ક) બાસ્કેટ બોલ (ડ) બ્રિજ
(૫) નીચેનામાંથી કઈ ટ્રોફી એથ્લેટિક્સ રમત માટે અપાય છે?
(અ) એઝર કપ (બ) રાજેન્દ્ર પ્રસાદ કપ
(ક) લોન ટેનિશ (ડ) બાસ્કેટ બૉલ
(૬) નહેરૂ કપ કઈ રમત માટે અપાય છે?
(અ) ફૂટબોલ (બ) વૉલીબોલ (ક) લોન ટેનિસ (ડ) ફેડરેશન કપ
(૭) નીચેનામાંથી કયો કપ પોલો રમત માટે છે?
(અ) પ્રિથિસિંહ કપ (બ) ચટ્ટા કપ
(ક) રાજેન્દ્ર પ્રસાદ કપ (ડ) ફેડરેશન કપ
(૮) રામ નિવાસ રૂઈઆ ચેલેન્જ કપ ગોલ્ડ ટ્રોફી કઈ રમત માટે અપાય છે?
(અ) બેડ મિન્ટન (બ) લોન ટેનિસ
(ક) બ્રિજ (ડ) કબડ્ડી
(૯) નીચેનામાંથી કયો કપ બેડમિન્ટન રમત માટે અપાય છે?
(અ) અમૃત દિવાન કપ (બ) ઉબેર કપ
(ક) જયલક્ષ્મી કપ (ડ) બોઈટન કપ
(૧૦) રાજેન્દ્ર પ્રસાદ કપ કઈ રમત માટે અપાય છે?
(અ) કબડ્ડી (બ) શતરંજ (ક) લૉન ટેનિસ (ડ) પોલો
(૧૧) નીચેનામાંથી કઈ ટ્રોફી શરતંજની રમત માટે મહિલાઓને આપવામાં આવે છે?
(અ) જયલક્ષ્મી કપ (બ) વી.વી. શાસ્ત્રી ટ્રોફી
(ક) શિવાંથી સુવર્ણકપ (ડ) રાજકુમારી ચેલેન્જ કપ
(૧૨) વેલિંગ્ટન ટ્રોફી કઈ રમત માટે અપાય છે?
(અ) એથ્લેટિક્સ (બ) ફૂટબોલ (ક) હોકી (ડ) રોવિંગ
(૧૩) નીચેનામાંથી કઈ ટ્રોફી વોલીબોલ રમત માટે નથી?
(અ) સુબ્રતો કપ (બ) પૂર્ણિમા ટ્રોફી
(ક) ઈન્ડિયા ગોલ્ડ કપ (ડ) શીવાંથી સુવર્ણકપ
(૧૪) પોપરૂ રામારાવ કપ કઈ રમત માટે અપાય છે?
(અ) પોલો (બ) કબડ્ડી (ક) રોવિંગ (ડ) બ્રિજ
(૧૫) રાષ્ટ્રીય ચેમ્પીયનશીપ માટેની સંતોષ ટ્રોફી કઈ રમત માટે અપાય છે?
(અ) ફૂટબોલ (બ) ક્રિકેટ (ક) હોકી (ડ) ટેબલ ટેનિસ

### ● વિવિધા ●

**વિષય :- ભારતના શહેરો સાથે જોડાયેલા મુખ્ય ઉદ્યોગ**

● અમદાવાદ : કાપડ ઉદ્યોગ ● અલીગઢ : તાળાં ● અલ્વાયે (કેરળ) : એલ્યુમિનિયમ ● અમ્બાતુર (ચેન્નઈ) : એન્ફીલ્ડ મોટર સાયકલ ● અંબરનાથ : મશીન ટૂલ્સ પ્રોટોટાઈપ ● અમૃતસર (પંજાબ) : પ્રિન્ટીંગ મશીનરી ● આણંદ : ડેરી ઉદ્યોગ ● અંકલેશ્વર (ગુજરાત) : ખનિજ તેલ ● અવાડી (ચેન્નાઈ) : ટેન્ક ફેકટરી ● બેંગ્લોર : એરક્રાફ્ટ ● ભિલાઈ (એમ.પી) : સ્ટીલ પ્લાન્ટ ● ભોપાલ ) : હેવી ઈલેક્ટ્રીકલ ● બોકારો : સ્ટીલ પ્લાન્ટ ● મુંબઈ : એટોમીક રિએક્ટર્સ ● બોમ્બે હાઈ : ખનીજ તેલ ● ચિતરંજન : લોકામોટિન ● કોચીન : જહાજ બાંધકામ ● કોઈમ્બતુર : કાગળનો માવો ● દીન્દીગુલ (બંગાળ) : તાંબા ઉદ્યોગ

### ● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - ગોવાનાં હાલનાં મુખ્યમંત્રીનું નામ શું છે?
જવાબ - મનોહર પારીકર

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ગોમતીબેન કનુભાઈ પરમાર : ૧૭૫૭/૨, સે-૨ડી
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) મહેશ એમ. જાદવ
(૪) પંકજ આર. પ્રજાપતિ
(૫) પટેલ શૈલેષ ઝેડ : સે-૨૦
(૬) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી

### ● પૂછું એક સવાલ...?




(૧) યાદવ રાકેશ એચ : બોરીજ થી
પ્રશ્ન - ટીપુ સુલ્તાન મ્યુઝિયમ કયાં આવેલું છે?
જવાબ - મૈસૂર
(૨) પટેલ મેઘા ડી. : સે-૪થી
પ્રશ્ન - વિશ્વમાં ફૂલો ધરાવતી વનસ્પતિ કુલ કેટલી જાતો છે?
જવાબ - આશરે ૧૫,૦૦૦
(૩) વ્યાસ ધારા કે. : સે-૨ ૩થી
પ્રશ્ન - કેઓલાડીઓ ઘાના નેશનલ પાર્ક કયાં આવેલ છે?
જવાબ - ભરતપુર (રાજસ્થાન)
(૪) પંચાલ મહુલ. એન : સે-૧૪થી
પ્રશ્ન - વિશ્વ હૃદય કયારે ઉજવાય છે?
જવાબ - ૨૮ સપ્ટેમ્બર
(૫) પટેલ મિત. એચ : સે-૩થી
પ્રશ્ન - ડિઝલ એન્જીનના શોધક કોણ હતા?
જવાબ - રૂડોલ્ફ ડીઝેલ્ફ (જર્મની) - ૧૮૯૫માં શોધ કરી.

### ● આ સપ્તાહનો સવાલ...?

**બિહારનાં મુખ્યમંત્રી નિતિશકુમાર એન.ડી.એ. સરકારમાં કયા વિભાગનાં મંત્રી હતા?**

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર**

### ● સાચા જવાબો :-

[illegible]
[illegible]

# જીવલી કાકી પ્રથમ તો લાલીયાને ખવડાવે અને પછી બંને જમે, જમતી વેળા લાલીયો બાજુમાં જ હોય પરંતુ કદી થાળીમાં મોં ના નાખે

## વાર્તા
## લાલીયો કૂતરો

- હર્ષદરાય ઉપાધ્યાય

જીવણકાકાની ઘરની પાછલી વંડીમાં કૂતરી વિયાણી હતી અને સિંહણનાં બચ્ચાંના જેવા ચાર ગલુડીયાં જન્મ્યાં હતા. તેમનાં પત્ની જીવલીકાકીએ કૂતરાની સારી ચાકરી કરી હતી પરંતુ કોણ જાણે થોડાક દિ'માં કૂતરી મૃત્યુ પામી હતી. જીવલી કાકીની અને બીજા લોકોની દેખરેખથી બચ્ચાં ઉછર્યાં અને ગામમાં ફરતાં થઇ ગયાં પરંતુ બધાં બચ્ચામાં એક બચ્ચું આ વૃદ્ધ દંપત્તિને પસંદ પડ્યું હતું અને ગયા જન્મની કોઇ માગલેણ હશે તે બચ્ચું કેમે કરે ત્યાંથી ખસતું જ ન હતું. ખાઇ પીને તગડું બનેલું તે બચ્ચું સિંહ બાળ જેવું લાગતું હતું. સૌ તેને લાલીયો કરી બોલાવતાં.

એકાદ વર્ષમાં તો લાલીયો જબરજસ્ત અને મદમસ્ત બની ચૂક્યો હતો. તેને જોતાં અજાણ્યા ડરી જતા. ગામનાં કૂતરા તેને રીતસર માન આપતા. ફળીયામાં જ નહીં આખા ગામમાં તેનો વટ હતો.

બાળકો સાથે તે ગેલમાં આવી રમતો હોય ત્યારે બે ઘડી તે જોવા જેવો લાગતો. બાળકો તેની ઉપર સવારી કરે, ધબ્બા મારે કે કાન-પૂંછડી ખેંચે પરંતુ કદી કોઇ બાળક તરફ તેણે ઘૂરકીયું સુદ્ધાં કર્યું નહોતું.

લાલીયાને સૌ ઓળખતા. જીવનકાકાનો લાલીયો ગામમાં ને સીમમાં સૌનો પરિચિય બન્યો હતો.

ઘરના ઊંબરામાં બેઠો બેઠો જાણે કે વનનો રાજા હોય તેમ ચારે તરફ નજર નાંખે. ઘરમાં મનફાવે ત્યાં ફરે અને ઠીક લાગે ત્યાં બેસે અને આરામ ફરમાવે.

જીવલીકાકી રાંધતાં હોય ત્યારે આજુબાજુ કયાંક બેઠો હોય. અને ભૂખ્યો હોય ત્યારે જીવલીકાકીનો કેડો ન મૂકે. કાયરેક તો જીવલીકાકી તેને ધમકાવતા પણ ખરા, અરે જીવનણકાકાને ઉદ્દેશી કહેતાં, "આ તમારા હગલાને અહીંથી કાઢો ભઇ'સાબ સામે જવાબ મળતો," તે તેં કયાં ઓછા લાડ લડાવ્યાં છે? ભોગવો હવે."

જીવલીકાકી રીતસર મારવા ધોકો હાથમાં લે, અરે ઉગામે અને બોલે, "આજ તો તારી ખેર નથી, ભાગી જ નાખું તારાં ઠાંઠા" પરંતુ નીચે મસ્ત કે, પૂંછડી હલાવી વહાલભરી નજર મીંચીને મારની રાહ જોતો લાલીયો ઊભો હોય ત્યારે "આજ તો ઉપાધી છે. તરત ગરીબડો બની જાય છે. પછી શી રીતે હાથ ઉપાડે." આમ બબડી લાલીયાને વહાલભર્યો હાથ ફેરવી પ્રેમથી ખવડાવે.

જીવણકાકાના ખાટલા નીચે સદાય તેનું સ્થાન. ખાટલા નીચે જ ઉંઘી જાય. ઠંડીમાં તો જીવણકાકાની પડખે લપાઇ જાય અને જીવનકાકા પણ બાળકની જેમ તેને ઓઢાડે પણ ખરાં!

ખેતરમાં જતાં કે ગામમાં કામ અંગે જતાં કે કોઇને ઘેર જતાં લાલીયો જીવણકાકાની સાથે જ હોય. લાલીયો સાથે ન હોય તેવું દૃશ્ય દુર્લભ હતું. સૌ કહેતાં કે નક્કી ગયા ભવનું માગલેણ હશે તે આ ભવે પૂરૂં કરવા આવ્યો છે. નક્કી ગયા જન્મમાં દીકરો હશે.

નિઃસંતાન આ દંપત્તિ માટે સાચે જ લાલીયો દીકરાથી વધુ વહાલો હતો. તેઓ તેને દીકરા તરીકે જ ગણતા અને બોલાવતાં.

કયારેક જીવણકાકાની સામે લાલીયો બેઠો હોય, જીવણકાકા ખાટલે બેઠા ચલમ ફૂંકતા હોય ત્યારે એકીટશે લાલીયાને જોયા કરતા. અને લાલીયો પણ ટગરટગર તેમને તાકી રહેતો. પરભવની સગાઇ સિવા આવું ન બને.

જીવલી કાકી પ્રથમ તો લાલીયાને ખવડાવે અને પછી બંને જમે. જમતી વેળા લાલીયો બાજુમાં જ હોય પરંતુ કદી થાળીમાં મોં ના નાખે.

આવો હેતાળ પુત્ર સમો લાલીયો કૂતરો એક વખત બિમાર પડ્યો. જીવણકાકાનો તો જાણે જીવ ઉડી ગયો. સ્પેશિયલ ઢોરનાં ડોકટરને બોલાવી લાવ્યાં. પરંતુ લાલીયાની બિમારી વધતી ગઇ.

બંને જણનો જીવ તાળવે ચોંટતો હતો. કૂતરાની સાર-સંભાળ પુત્રથી વિશેષ તેમણે કરવા માંડી. અરે! ખેતરે જવાનું બંધ કર્યું. આખો દિવસ લાલીયા પાછળ જવા લાગ્યો પરંતુ આ બધું વ્યર્થ ગયું.

એક દિવસ રાત્રે સૂતેલો લાલીયો, બીજા દિવસે ન જાગ્યો. દીકરાના મરણ જેટલો આઘાત લાગ્યો. જીવણકાકાને પોક મુકી તે બંને રડ્યાં. હૈયા ફાટ રડ્યાં, છાતી કૂટીને રડ્યાં.

ભારે હૈયે ગાડામાં લઇ જીવનકાકા કૂતરાને દફનાવવા નીકળ્યા. જીવલીકાકીએ લાલીયાનું મસ્તક ખોળામાં રાખ્યું હતું. જોનારની આંખો ભીંની થઇ ગઇ હતી.

ગામની બહાર લાલીયાને દફનાવ્યો હતો. અને રડતા અને ભારે હૈયે તેઓ ઘરે આવ્યાં. ઘર સૂનું પડી ગયું હતું. વારંવાર લાલીયાનો ભાસ થતો. બે દિવસ બંનેએ સરખું ભોજન પણ ન લીધું. આંખો લૂંછતા લૂંછતાં દિવસ પસાર કરવા લાગ્યા.

પરંતુ તે દિવસથી જીવણકાકાની તબિયત ગળવા લાગી. ધીરે ધીસે શરીર નંખાતું ગયું. લાલીયા વિયોગે તેઓ અંદરથી તૂટતા રહ્યાં. જીવલીકાકીની ચિંતાનો પાર ન હતો. તેઓ એક દિવસ જીવણકાકાની આંખ હંમેશ માટે મિંચાઇ ગઇ. જીવલીકાકીનું જીવન દુઃખોથી ભરાઇ ગયું અને પાછળને પાછળ થોડાક મહિનામાં તે પણ દુનિયા છોડી ગયાં.

લાલીયા પુત્રને વિયોગે વૃદ્ધ દંપત્તિનાં જીવનનો દુઃખદ અંત આવ્યો.

ગામ લોકો આજે પણ સીમમાંથી પસાર થતી વખતે આ લાલીયાની કબરને જુએ છે ત્યારે મણ મણના નિસાસા નાંખી દુઃખી હૃદયે આગળ વધે છે.

મોડી રાત્રે આવતા જતાં એકલદોકલને કયારેક લાકડીને ટેકે જતાં જીવણકાકા અને લાલીયો નજરે પડે છે.